# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ** :- સુરત શહેરમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં એવરસાઈન માર્બલ પાસે, ઉધના – મગદલ્લા રોડ ખાતે આવેલ ગેન્ટ્રીને ઉતારી પાડી સ્ક્રેપ લઈ જવાનું કામ.

# Cover -1

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ** :- સુરત શહેરમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં એવરસાઈન માર્બલ પાસે, ઉધના – મગદલ્લા રોડ ખાતે આવેલ ગેન્ટ્રીને ઉતારી પાડી સ્ક્રેપ લઈ જવાનું કામ.

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | રૂા.૧,૯૫,૭૬૪.૬૧ પૈ. (જીએસટી અલગથી) |
| ૨ | બાનાની રકમ (EMD) | રૂા.૨૦,૦૦૦–૦૦ પૈ. |
| ૩ | ભાવપત્રક સીલબંધ કવરમાં હાથોહાથ જમા કરાવવાની તારીખ | તા.૩૦/૦૭/૨૦૨૬ નાં રોજ સવારે ૧૧–૦૦ કલાક થી તા.૧૩/૦૮/૨૦૨૬ નાં રોજ સાંજે ૫–૦૦ કલાક સુધી |
| ૪ | ભાવપત્રક સીલબંધ કવરમાં હાથોહાથ જમા કરાવવાની કચેરી | મુખ્ય હિસાબી શાખા,<br>સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી,<br>"શ્રી તાપી ભવન – સુરત મહાનગર સેવા સદન",<br>ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,<br>શ્રી તાપીપુરા,<br>સુરત–૩૯૫૦૦૩ |
| ૫ | લાયકાત | આ પ્રકારના સમાન કામનાં અનુભવી |
| ૬ | કામની સમય મર્યાદા | ૦૧ (એક) માસ |

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

સદર ભાવપત્રક અંગેની વિસ્તૃત માહિતી સુરત મહાનગરપાલિકાની ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ની કચેરી ખાતેથી કામકાજના દિવસો/સમય દરમ્યાન ઉપલબ્ધ થઈ શકશે.

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

### પરિશિષ્ટ–૧. ઈજારદારને અગત્યની સુચના :–

| | |
|---|---|
| ૧. | શરતી ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે. |
| ૨. | સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૩. | બાનાની રકમ (EMD) ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના ડીમાન્ડ ડ્રાફટ થી જ સ્વીકારવામાં આવશે. |
| ૪. | ભાવપત્રકમાં જણાવ્યા મુજબની વિગતો તથા ડોકયુમેન્ટસ કવરમાં અચુક સામેલ રાખવા. આ વિગતો વગરનાં ભાવપત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહી. |
| ૫. | આ પ્રકારના સમાન કામના અનુભવના પ્રમાણપત્ર તેમજ અન્ય તમામ જરૂરી પત્રક પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે. |
| ૬. | રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / સંસ્થાનું નોંધણી પત્રક રજુ કરવાનું રહેશે. |
| ૭. | આ પ્રકારના સમાન કામની વિગત તેની કિંમત સાથે જે તે સંસ્થા/ડીપાર્ટમેન્ટના સક્ષમ સત્તાધીશ ધ્વારા ઈસ્યુ થયેલા હોવા જોઈશે. (વર્ક કમ્પલિશન સર્ટીફિકેટ – છેલ્લા ૦૭ (સાત) વર્ષના) |
| ૮. | જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરવાના રહેશે. |
| ૯. | પી.એફ. અને જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆત પણે રજુ કરવાનું રહેશે. તેમજ સંસ્થાનું EC-RC રજુ કરવાના રહેશે. |
| ૧૦. | અંદાજીત રકમના ૨૦% મુજબ નેશનલાઈઝ બેંકનું સોલવન્સી સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે. |
| ૧૧. | ઈજારદારે સદર ભાવપત્રકમાં સુચિત કરેલ જગ્યાએ પોતાના સહી–સિકકા કરી રજુ કરવાના રહેશે. ભાવપત્રકના કોઈ કાગળ કાઢી લેવામાં આવશે અથવા સહી–સિકકા કરેલ ન હશે તો ભાવપત્રક રદ બાતલ ગણવામાં આવશે. તેમજ બાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે. |
| ૧૨. | ઈજારદારે સદર ભાવપત્રક જમા કરતી વખતે નીચે મુજબની વિગતે ૦૩(ત્રણ) સીલબંધ કવર જમા કરાવવાના રહેશે.<br>Cover - 1 :– ટેકનીકલ બીડ, માંગ્યા મુજબના તમામ ડોકયુમેન્ટસ, EMD ની રકમ વિગેરે.<br>Cover - 2 :– પ્રાઈસ બીડ<br>Cover – 3 (મુખ્ય કવર) :– Cover - 1 અને Cover - 2 |
| ૧૩. | સદર ભાવપત્રકની વેલીડીટી પ્રાઈસબીડ (Cover - 2) ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસોવીસ) દિવસ સુધી ગણવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૪. | ભાવપત્રક મળ્યા બાદ જયાં સુધી ભાવપત્રક અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી બધા જ ઈજારદારોની બાનાની રકમ (EMD) જમા રાખવામાં આવશે. ભાવપત્રક રદ કરવા બાબતે / કામની સોંપણી બાબતે સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાનો નિર્ણય આખરી રહેશે. |
| ૧૫. | સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા મંજુર ઓફરના નાણાં ભર્યેથી અન્ય ઈજારદારની બાનાની રકમ (EMD) છુટી કરવામાં આવશે. |
| ૧૬. | આ કામની સમયમર્યાદા વર્કઓર્ડરની તારીખના અગિયારમા દિવસથી એક માસ ગણવાની રહેશે. ઈજારદાર ધ્વારા સ્થળ પર કામગીરી કર્યેથી એક માસના સમયગાળા પછી બાનાની રકમ (EMD) રકમ છુટી કરવામાં આવશે. |
| ૧૭. | ભાવપત્રકમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ઈજારદારની કોઈ પણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી. |

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

ઉપરોકત નિયમો વાંચી આ સાથે બાનાની રકમ (EMD) ના રૂ.૨૦,૦૦૦/– નો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ/પેઓર્ડર સામેલ કરવાનો રહેશે.

**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડના કવર (કવર–૧) માં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી.)**

**ઉપરોકત તમામ સુચનાઓ મેં વાંચી છે અને તે જાણમાં લીધી છે.**

**ઈજારદારની સહી અને સિકકો :–**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

### પરિશિષ્ટ–ર. ભાવપત્રકની શરતો :–

| | |
|---|---|
| ૧. | ઈજારદારે તોડવા માટેના સ્થળનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાળમાં આવતી જુદી–જુદી આઈટમોનો જથ્થો ગુણવત્તા તથા અન્ય બાબતોએ જાત અનુભવ કર્યા પછી ભાવપત્રક ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ. |
| ર. | સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેથી, ઈજારદારને વર્કઓર્ડર ઈસ્યુ કરવામાં આવશે. જે મળ્યેથી મંજુર થયેલ ઓફરના નાણાં તેમજ સુરત મહાનગરપાલિકાના જી.એસ.ટી. કન્સલ્ટન્ટના અભિપ્રાય મુજબ લાગુ પડતો જી.એસ.ટી. તેમજ સરકારશ્રીના નિયમ મુજબના જરૂરી ટેક્ષના નાણાં વર્કઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) માં અત્રેની સુચના મુજબ અત્રેના ખાતે અથવા સુરત મહાનગરપાલિકાના હિસાબી ખાતામાં ડિમાન્ડ ડ્રાફટ મારફત જમા કરાવવાના રહેશે. તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ તોડફોડ કરવાનો (ઉતારવાનો) હુકમ આપવામાં આવશે. જો ઈજારદાર તેમ કરવાનું ચુકશે તો સદર કોન્ટ્રાકટ આપોઆપ રદબાતલ ગણવામાં આવશે અને ઈજારદારે ભરેલ બાનાની રકમ જપ્ત કરવામાં આવશે. |
| ૩. | ઈજારદારે સરકારી લાગુ ટેક્ષ અલગથી ભરપાઈ કરવાનાં રહેશે. પી.એફ. અને જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆતપણે રજુ કરવાનું રહેશે. |
| ૪. | કરારનામા માટે રૂા.૩૦૦/– + ૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર રજુ કરી કરારનામું કરવાનું રહેશે. |
| પ. | જામીનગીરી માટે રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર રજુ કરી જામીનગીરી આપવાની રહેશે. |
| ૬. | આ કામ માટે ભાવપત્રકમાં નિયત કરેલ શીડયુલ કામની અચુક પ્રગતિ જળવાય રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબની કામની અચુક પ્રગતિ રાખવા જાળવવાની રહેશે. |

| | |
|---|---|
| ૭. | આ કામ શરૂ કરવા માટે કામની લાઈન, માર્ગદર્શન, સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેરશ્રી / આસી.ઈજનેરશ્રી / જુની.ઈજનેરશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે. |
| ૮. | હયાત મિલ્કત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને, મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતિ ન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. અને તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન, જાનહાનિ કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. તેમજ કોઈપણ અજુગતો બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપુર્ણ ખર્ચ / વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે. **ટુંકમાં, સલામતી અંગેની સંપુર્ણ જવાબદારી ફકત અને ફકત ઈજારદારની રહેશે.** જે અંગે કોઈ પણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી. |
| ૯. | જરૂરી એવા વેચાણવેરો તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય / કેન્દ્ર સરકારનાં તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની જ રહેશે. તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી. |
| ૧૦. | હયાત ઈમારત તોડવા માટે સ્થળ પરની તમામ જરૂરી સુવિધાઓ ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે. |
| ૧૧. | સદર મિલ્કતને સંપુર્ણ જમીન દોસ્ત કરવાનું રહેશે તેમજ સાઈટ ઈજનેરશ્રીના સર્ટીફીકેશન સાથે સાઈટ ચોખ્ખી કરી આપવાની રહેશે. |
| ૧૨. | હયાત ઈમારત જમીનદોસ્ત કરી સદર મિલકતમાં ઉપયોગમાં લેવામાં આવેલ લોખંડ સહિત બધો માલસામાન (કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ સિવાય) લઈ જવાની આખરી ઓફર જ ધ્યાનમાં લેવામાં આવશે. તમામ પ્રકારનો કાટમાળ/ઉપયોગી માલસામાન ઈજારદારે પોતે ઉપાડી યોગ્ય તે જગ્યાએ સ્થળાંતર કરી જમીન હયાત રસ્તા લેવલે સમતલ લેવલ કરી આપવાની રહેશે. |
| ૧૩. | **પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨ ની કોઈ પણ શરતનો ભંગ થયેથી ઈજારદારની બાનાની રકમ (ઈ.એમ.ડી.) જપ્ત થવા પાત્ર રહેશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.** |

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી વિચારીને જાણમાં લીધી છે. તે અને તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી :–**

**સરનામુ :–**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ :–** સુરત શહેરમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં એવરસાઈન માર્બલ પાસે, ઉધના – મગદલ્લા રોડ ખાતે આવેલ ગેન્ટ્રીને ઉતારી પાડી સ્ક્રેપ લઈ જવાનું કામ.

ઈજારદારનું નામ :–

સરનામુ :–

| ઈજારદારના સહી સિકકા સાથે ફોટા |
|---|
| |

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું : |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ :–** પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવા ફરજીયાત છે.

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: પ્રાઈસ બીડ :–

**કામનું નામ** :- સુરત શહેરમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં એવરસાઈન માર્બલ પાસે, ઉધના – મગદલ્લા રોડ ખાતે આવેલ ગેન્ટ્રીને ઉતારી પાડી સ્ક્રેપ લઈ જવાનું કામ.

# Cover -2

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ સેલ

હું નીચે સહી કરનાર શ્રી ..............................................................................................

જણાવું છું કે, **સુરત શહેરમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં એવરસાઈન માર્બલ પાસે, ઉધના – મગદલ્લા રોડ ખાતે આવેલ ગેન્ટ્રી** સ્થળ નિરીક્ષણ દરમ્યાન અમોએ જોયેલ છે તથા આજુબાજુની મિલકત, રાહદારીઓ અને સ્થળ પર કામદારોની સલામતી ધ્યાને લઈ ગેન્ટ્રી ઉતારી મારા પોતાના જોખમે અને ખર્ચે લઈ જવા માટે આથી હું સંમતિ આપુ છું અને તે માટે સુરત મહાનગરપાલિકાને હું અંકે રૂા................................. (શબ્દમાં) રૂપિયા

..............................................................................................

..............................................................................................આપવા સંમત છું.

ઉપરોકત ભાવપત્રક માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી અને સિકકો :–**

**કાર્યપાલક ઈજનેર**
**ટ્રાફિક સેલ**
**સુરત મહાનગરપાલિકા**